।। સનાતન પરમો ધર્મ।।

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડિયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

સં - ૨૦૭૯ | મહા વદ - ૦૮ | સોમવાર | તા.: ૧૩.૦૨.૨૦૨૩ | SDP No. : 1026 | Mob.: +91 7801877774, +91 7718977774 | sanatandharmpatrika@gmail.com

મધ્ય ભારતખંડમાં છત્તીસગઢ ઝોનમાં સનાતની ગૌરવ શંખનાદ નો પ્રારંભ

રાજનાંદગાવ થી થયો શંખનાદ પ્રારંભ બાદ રાયપુર માં ખુબ સરાહનીય સનાતની ગૌરવ નો શંખનાદ થયો

સનાતની ગૌરવ નો શંખનાદ ગૌરવ રાયપુર સમાજ માં

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ પ્રેરિત છ.ગ. ઝોનની સનાતની ગૌરવ યાત્રાની સભા શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, રાયપુર માં પાટીદાર ભવન, ફાફાડીહ ખાતે મળેલ. તેમાં સ્થાનિક રાયપુર સમાજ, કુમ્હારી સમાજ, કોંડાગાવ સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં સભામાં ઉપસ્થિત રહેલ.સૌ પ્રથમ પધારેલ મહેમાનોનું કુમકુમ તિલક કરી સ્વાગત કરવામાં આવેલ સનાતની શૌર્ય ગીત સાથે સનાતની પોથી યાત્રા હનુમાન મંદિરથી સમાજ ભવન સુધી હર્ષોલ્લાસ સાથે પધરામણી કરવામાં આવેલ.સભાની શરૂઆત કરતા રાયપુર સમાજના મહામંત્રી નરસિંહભાઈ વેલાણીએ સૌનું શાબ્દિક સ્વાગત કરી મંચ પર રાયપુર સમાજના પ્રમુખશ્રી મોહનભાઈ છાભૈયા, ઝોન ઉપપ્રમુખશ્રી વિશ્રામભાઈ છાભૈયા, કેન્દ્રીય સમાજ ટ્રસ્ટીશ્રી નાનજીભાઈ રામાણી (રાયપુર), કેન્દ્રીય સમાજના પૂર્વ પ્રમુખશ્રી રામજી કરમસી નાકરાણી (રાયપુર), કેન્દ્રીય સમાજ ઉપપ્રમુખશ્રી જયંતિભાઈ રામાણી(અમદાવાદ), મધ્ય ખંડ પ્રભારીશ્રી ધીરજભાઈ ભાવાણી, મધ્ય ખંડ સહપ્રભારીશ્રી ખેતસીભાઈ રવાણી(નાસિક), શ્રીસમાજના સંસ્થાન નિયમન મુખ્ય સચિવ, કાંતિભાઈ સાંખલા (સિન્નર), ઝોન મહામંત્રી અર્જુનભાઈ ધનાણી,(રાયપુર), છ.ગ.ઝોન ન્યાય

રાયપુર સમાજ માં સનાતની ગૌરવ નાં શંખનાદ સમારોહ માં સનાતની ગ્રંથ સાથે પોથી યાત્રા થી શુભારંભ..

સમિતિના પ્રમુખશ્રી મગનભાઈ નાકરાણી (રાયપુર), છ.ગ.રીજીયન ચેરમેન કિશોર નાકરાણી (રાયપુર), ફોરેસ્ટ કાઉન્સિલ સેક્રેટરી નવીન લીંબાણી(રાયપુર), છ.ગ.મહિલાસંઘ પ્રમુખ શ્રીમતી શાંતાબેન નાકરાણી (રાયપુર) તેમજ સ્થાનિક યુવક મંડળ પ્રમુખ હરસુખ રૂડાણી તથા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી લીલાબેન નાકારાણીને સ્વાગત સાથે મંચ પર સ્થાન આપી મંચસ્થ મહાનુભાવોના કરકમળોથી દીપ પ્રાગટ્ય કરી માં ઉમિયાની આરતી કરવામાં આવી.

સ્થાનિક રાયપુર સમાજનો ઇતિહાસ મહામંત્રી નરસિંહભાઈએ આપેલ.

સભાની કાર્યવાહી સાંભળતા છ.ગ.ઝોન મહામંત્રી અર્જુનભાઈ ધનાણી (રાયપુર)એ ઉપસ્થિત સૌનું શાબ્દિક સ્વાગત કરેલ અને છ.ગ.ઝોનની વિશેષ જાણકારી આપેલ. સનાતની શતાબ્દી મહોત્સવનો ઉદ્દેશ અને ફળશ્રુતિના વિષે જાણકારી કેન્દ્રીય ઉપપ્રમુખશ્રી જયંતિભાઈ રામાણી દ્વારા આપવામાં આવેલ. શ્રીસમાજના રીત રિવાજ અધિવેશનોથી આપણી જ્ઞાતિને થયેલ લાભ વિશે વિસ્તૃત માહિતી મધ્ય ખંડ પ્રભારીશ્રી ધીરજભાઈ ભાવાણી દ્વારા આપવામાં આવી. સનાતની હોવાનું ગૌરવ તથા વિધર્મી પંથ છોડીને આવનારાનો પ્રવેશ 10 મે 2023 બાદ બંધ શા માટે તે વિષય ખંડ સહ પ્રભારી ખેતસીભાઈ રવાણીએ છણાવટ કરી. શતાબ્દી મહોત્સવ કાર્યસમિતિઓ નો ઉદ્દેશ અને ફલશ્રુતિનો વિષય કાંતિભાઈ સાંખલા દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ.

ઉમિયા માતાજી સંસ્થાન વાંઢાયના અમૃત મહોત્સવ વિષેની જાણકારી આદરણીય રામજીબાપા

શતાબ્દી મહોત્સવ નિમિત્તે ત્રિવિધ કાર્યક્રમ માં ઉત્સાહ ભેર પધરાવવા ઘર ઘર પત્રિકા અર્પણ નાં પ્રતિક સ્વરૂપે સ્થાનિક સમાજ ને આગોતરું આમંત્રણ આપતા શ્રીસમાજ રચિત આયોજન સમિતિ..

દ્વારા સહુને અવગત કરવામાં આવેલ.

છ.ગ.મહિલાસંઘ મહામંત્રી પ્રભાબેન નાકરાણી(રાયપુર)એ મહિલાસંઘની રજત જયંતિ મહોત્સવ વિષે જાણકારી આપેલ, યુવાસંઘનો સ્વર્ણિમ પર્વ વિષે માહિતી કાઉન્સિલ સેક્રેટરી નવીન લીંબાણી (રાયપુર)એ રજૂ કરી.

રદ્દી થી સમૃદ્ધિની વિડીઓ કલીપ પ્રોજેક્ટર દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ. અધિવેશનનું આગોતરું આમંત્રણ આપી વધુથી વધુ સંખ્યામાં આ ઐતિહાસિક ઘટનાનાં સાક્ષી બનવા માટે કેન્દ્રીય ટ્રસ્ટીશ્રી નાનજીભાઇ રામાણીએ સહુને વિનંતી કરેલ.

દરેક સમાજોના પ્રતિનિધિઓને સનાતની શતાબ્દી મહોત્સવની નિમંત્રણ પત્રિકા સાથે સનાતની પરંપરા નાં અક્ષત સહ આપવામાં આવેલ અને દરેક કુટુંબ દીઠ પત્રિકા વિતરણ કરવાનું જણાવેલ.

સભા માંથી મુક્ત વિચારો અને સુજાવો આવેલ તેમજ સભાથી આવેલ પ્રશ્નોના જવાબો પણ આપેલ.અધ્યક્ષીય સંબોધન પ્રમુખશ્રી મોહનભાઈ

રાયપુર સમાજ નો કેન્દ્રીય સમાજ ની સનાતની ગૌરવ શંખનાદ યાત્રા નો આવકાર અને પૂર્ણ સહયોગ સાથે ઐતિહાસિક ઘટના માં ઘર ઘર ને આ મહોત્સવ માં જોડવા નો અર્પણ સાથે તર્પણ નો ભાવ પ્રગટ...

છાભૈયા દ્વારા ઉત્સાહ નાં સ્પંદન સાથે થયેલ અને સર્વ વતી જણાવેલ કે રાયપુર સમાજ કેન્દ્રીય સમાજના અભિગમ ને આવકારે છે અને પૂર્ણ સનાતની સમાજ ના આ મહોત્સવ ને ઉજવવા જરૂર પરીવાર જનોને ઉત્સાહ અને ઊર્જા પ્રસ્થાપિત કરશે.. આભાર વિધિ યુવા મંડળ મંત્રી ભરત વાલાણી દ્વારા કરવામાં આવેલ.

સૌના હાથ ઉપર કરાવી સનાતની સંકલ્પ તથા ત્રિવેણી મહોત્સવમાં વધુ માં વધુ હાજર રહી, તન મન અને ધનથી સાથ અને સહકાર આપીશ, એવો

છત્તીસગઢ રીજીયન યુવાસંઘ ટીમ નાં ચેરમેન કિશોર નાકરાણી નો ઉત્સાહ અને થનગનાટ સાથે રદ્દી સે સમૃદ્ધિ નું લક્ષ સમગ્ર વિભાગ માં પરિપૂર્ણ કરવાનો દ્રઢ સંકલ્પ...

સામુહિક સંકલ્પ લેવડાવ્યો.

કાર્યક્રમનું સંચાલન ઝોન મહામંત્રી અર્જુનભાઈ ધનાણી દ્વારા સરસ રીતે કરવામાં આવેલ. અંતે રાષ્ટ્રગાન ગાઈ સભા પૂર્ણ કરવામાં આવેલ અને અલ્પાહાર લઈ સૌ છુટ્ટા પડેલ.

સંકલન
ઝોન પ્રવક્તા
ભગવાનભાઇ નાયાણી,
રાયપુર

છત્તીસગઢ ઝોન ગૌરવ યાત્રાની પ્રથમ સભા રાજનાંદગાંવ સમાજ માં સંપન્ન થઈ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ પ્રેરિત છતિસગઢ ઝોનની સનાતની ગૌરવ શંખનાદ યાત્રાની સભા શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, રાજનાંદગાંવ પાટીદાર સમાજવાડી ખાતે તારીખ ૧૧ ફેબ્રુઆરી નાં મળેલ. તેમાં સ્થાનિક રાજનાંદગાંવ સમાજ અને બલોદ સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં સભામાં ઉપસ્થિત રહેલ.

સૌ પ્રથમ પધારેલ મહેમાનોનું કુમકુમ તિલક કરી સ્વાગત કરવામાં આવેલ. સનાતની શૌર્ય ગીત સાથે સનાતની પોથી યાત્રા હર્ષોલ્લાસ સાથે કાઢવામાં આવેલ.

નાની બહેનોએ સ્વાગત ગીત રજુ કરેલ. સભાની શરૂઆત કરતા રાજનાંદગાંવ સમાજના મંત્રી હરિભાઈ દિવાણીએ સૌનું શાબ્દિક સ્વાગત કરી મંચ પર રાજનાંદગાંવ સમાજના ઉપપ્રમુખશ્રી હીરાલાલભાઈ,

જેણે અનુભવ કર્યો છે એવા વડીલ ને વધુ સમજણ હોય છે અધિવેશન ની અને આ સમયે નહિ તો પછી ક્યારેય એ અનુભૂતિ નાં વ્યક્તિત્વ નહિ રહે જેણે સનાતની સમાજ ની સ્થાપના નો સંકલ્પ કરતા અને એના અસ્તિત્વ ની લાડાઈ અને તેમાં મેળવેલી સફળતા નો અહેસાસ કર્યો છે.. સનાતની શ્વેત પત્ર નાં સિગ્નેચર ઓથોરિટી ધરાવનાર સમાજ ના પૂર્વ પ્રમુખ રામજીભાઈ અને તેમના સાથીદારો આ ભવ્ય આયોજન માટે નો ગૌરવ સાથે નો અનુભવ કરે છે જેનો ભાવ પ્રગટ કરવામાં આવ્યો...

ઝોન ઉપપ્રમુખશ્રી જેઠાભાઈ દિવાણી, કેન્દ્રીય સમાજ ટ્રસ્ટીશ્રી નાનજીભાઈ રામાણી (રાયપુર), કેન્દ્રીય સમાજના પૂર્વ પ્રમુખશ્રી રામજી કરમસી નાકરાણી (રાયપુર) , મધ્ય ખંડ પ્રભારી ધીરજભાઈ ભાવાણી, મધ્ય ખંડ સહપ્રભારી ખેતસીભાઈ રવાણી(નાસિક), કાંતિભાઈ (સિન્નર), ઝોન મહામંત્રી અર્જુનભાઈ ધનાણી, ઝોન ઉપપ્રમુખ વિશ્રામભાઈ છાભૈયા (રાયપુર),b છ.ગ.ઝોન ન્યાય સમિતિના પ્રમુખશ્રી મગનભાઈ નાકરાણી (રાયપુર), છ.ગ. રીજીયન ચેરમેન કિશોર નાકરાણી (રાયપુર), ફોરેસ્ટ કાઉન્સિલ સેક્રેટરી નવીન લીંબાણી(રાયપુર), છ.ગ. મહિલાસંઘ પ્રમુખ શ્રીમતી શાંતાબેન નાકરાણી (રાયપુર) તેમજ સ્થાનિક રાજનાંદગાંવ યુવક મંડળ પ્રમુખ તથા મહિલા મંડળ

છત્તીસગઢ નાં પ્રવેશદ્વાર સમુ રાજનાદગાવ નાં સાહસિક જ્ઞાતિ બંધુ એ આવનારા મહોત્સવ નું આંન બાન શાન સાથે સ્વાગત કર્યું ને સનાતની નોલેજ નો કર્યો શંખનાદ...

રાજનંદગાંવ થી થયો શંખનાદ સનાતની ગૌરવ નો

પ્રમુખને સ્વાગત સાથે મંચ પર સ્થાન આપી મંચસ્થ મહાનુભાવોના કરકમળોથી દીપ પ્રજ્વલ્લિત કરેલ.

સ્થાનિક રાજનાંદગાંવ સમાજનો ઇતિહાસ મંત્રી હરિભાઈ દિવાણીએ આપેલ. સભાની કાર્યવાહી સાંભળતા છ.ગ.ઝોન મહામંત્રી અર્જુનભાઈ ધનાણી(રાયપુર)એ સ્થાનિક રાજનાંદગાંવ સમાજ અને બલોદ સમાજથી પધારેલ સૌનું શાબ્દિક સ્વાગત કરેલ અને છ.ગ.ઝોનની જાણકારી આપેલ. છ.ગ.મહિલા સંઘ મહામંત્રી પ્રભાબેન નાકરાણી(રાયપુર)એ મહિલાસંઘની રજત જયંતિ મહોત્સવ વિષે જાણકારી આપેલ, યુવા સંઘનો સ્વર્ણિમ પર્વ અને સ્થાપનાના વિશે માહિતી નવીન લીંબાણી (રાયપુર)એ આપી.

રદ્દી થી સમૃદ્ધિની વિડીઓ કલીપ પ્રોજેક્ટર દ્વારા બતાવવામાં આવેલ તથા આ અંગે અન્ય જાણકારી કાંતિભાઈ (સીંન્નર) એ આપી.

ખંડ પ્રભારી ધીરજભાઈ ભાવાણી (અમરાવતી) એ શતાબ્દી મહોત્સવ અને અધિવેશન વિષે વિસ્તૃત જાણકારી આપી આગોતરું આમંત્રણ આપેલ.

સનાતની હોવાનું ગૌરવ વિષે કેન્દ્રીય પૂર્વ પ્રમુખ રામજીબાપા (રાયપુર)એ સમાજના વિચારો રજૂ

સનાતન ધર્મ ની ધજા લહેરાવી છે અમે એવા શોર્ય ગીત સાથે મહિલા શક્તિ નો સનાતની અભિગમ ને સાર્થક કરવા ની કતિબધતા સાથે રાજનાદગાવ સાથે બાલોદ શહેર નાં પરીવાર જનોએ લીધો લાભ..

કરતા કહ્યું કે વિધર્મીઓ માટે દરવાજા બંધ કરવાનો સમય આવી ગયો છે. દરેક સમાજોના પ્રતિનિધિઓને સનાતની શતાબ્દી મહોત્સવની નિમંત્રણ પત્રિકા આપવામાં આવેલ અને દરેક કુટુંબ દીઠ પત્રિકા વિતરણ કરવાનું જણાવેલ.

કેન્દ્રિય સમાજ ટ્રસ્ટીશ્રી નાનજીભાઈ રામાણી(રાયપુર)એ સનાતની સમાજ વિષે વિસ્તૃત જાણકારી આપેલ. જેન્તીભાઈ ભીમાણી (રાયપુર) એ વિવિધ સમિતિ વિષે પ્રકાશ પાડેલ. અધ્યક્ષીય સંબોધન એવમ આભાર વિધિ ઝોન ઉપપ્રમુખ જેઠાભાઈ દિવાણીn(રાજનાંદગાંવ)એ કરતા કહ્યુંકે અધિવેશનમાં વધુ થી વધુ ઉપસ્થિત રહેશું અને એવો સંકલ્પ જાહેર કરેલ તેમજ સભાના આયોજન માટે ખુશી વ્યક્ત કરેલ. ત્યારબાદ સૌના હાથ ઉપર કરાવી સનાતની સંકલ્પ તથા ત્રિવેણી મહોત્સવ માં વધુ માં વધુ હાજર રહી તન મન અને ધન થી સાથ અને સહકાર આપીશ, એવો સામુહિક સંકલ્પ લેવડાવ્યો.અંતે રાષ્ટ્રગાન ગાઈ સભા પૂર્ણ કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન ઝોન મહામંત્રી અર્જુનભાઈ ધનાણી દ્વારા સરસ રીતે કરવામાં આવેલ.

સંકલન
ભગવાનભાઇ નાંયાણી,
રાયપુર
ઝોન પ્રવકતા.



નખત્રાણા પંથકના આરોગ્યનાં ભીષ્મ પિતામહ, સરળ વ્યક્તિત્વ



ડો. આસુમાલ પહેલવાણીનો એક જમાનો હતો. તેઓ આખા નખત્રાણા તાલુકાના દરેક ઘરના ફેમિલી ડોક્ટર હતા. એમના વિશે કહેવાતું કે, એ દવાને બદલે પાણી પીવડાવી દે તો પણ રોગ ભાગી જાય. સૌને એમનામાં એવી શ્રદ્ધા હતી. એમબીબીસ ડોક્ટર નહોતા, આરએમપી ડોક્ટર હતા. પણ તેમના કોઈ દર્દી બહાર ગયા હોય અને બિમાર પડવાથી કોઈ બીજા ગમે તેવા મોટા ડોક્ટરની દવા લેવી પડે તો ઘરે આવ્યા પછી ડો. આસુમલને રિપોર્ટ આપીને તેમની સલાહ તો લે જ.

પહેલાં ઊંટ પર બેસીને ગામડે વિઝીટ પર જતા. પછી મોટરસાઇકલ વસાવી હતી.

સોનિયા ગોકાણી ગુજરાત હાઈકોર્ટના પ્રથમ મહિલા મુખ્ય ન્યાયધિશ બન્યા

નવી દિલ્હી, તા. 12

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ચાર હાઈકોર્ટ માટે મુખ્ય ન્યાયાધીશોની નિમણૂક કરી છે. ગુજરાત, ગુવાહાટી, ત્રિપુરા અને જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટ માટે મુખ્ય ન્યાયાધીશોની નિમણૂક કરવામાં આવી છે. આ અંગે રવિવારે આદેશ જારી

ન્યુઝીલેન્ડમાં તોફાનથી ભારે તબાહી ચારનાં મોત, અનેક ફ્લાઈટ્સ રદ

વેલિંગ્ટન: ન્યુઝીલેન્ડમાં ચક્રવાતી તોફાનથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. દેશના સૌથી મોટા શહેર ઓકલેન્ડમાં પૂર આવ્યું છે અને તેની પકડને કારણે અત્યાર સુધીમાં ચાર લોકોના મોત થયા છે. તમામ ડોમેસ્ટીક ફ્લાઇટ્સ રદ કરાઈ છે. જ્યારે ઇન્ટરનેશનલ ફ્લાઈટ્સ ચાલુ છે, પરંતુ તેને ડાયવર્ટ કરવાની જરૂર પડી શકે છે. ન્યૂજીલેન્ડમાં ચક્રવાતી વાવાઝોડાએ કેર વરસાવ્યો છે. ચક્રવાતી વાવાઝોડાને

અંબાજીમાં ૫૧ શક્તિપીઠ મહોત્સવ ૨૦૨૩નો શુભારંભ

અંબાજી, તા.૧૨

યાત્રાધામ અંબાજી ખાતે આજે 51 શક્તિપીઠ મહોત્સવ 2023નું શુભારંભ કરવામાં આવ્યું હતું. ઉદ્યોગ મંત્રી ભલવંતસિંહ રાજપૂતના હસ્તે અને સાધુ સંતોના હસ્તે દીપ પ્રજ્વલિત કરી 51 શક્તિપીઠ મહોત્સવને ખુલ્લુ મુકાયું હતું.

સાથે સાથે મંત્રી ભલવંતસિંહ રાજપૂત અને સાધુ સંતો સહિત વહીવટી તંત્ર દ્વારા યજ્ઞનું પણ આરંભ કરાયો હતો. ત્યારબાદ મોટી સંખ્યામાં આવેલા માઈ ભક્તો 51

ઉદ્યોગ વિભાગના કેબિનેટ મંત્રી, વહીવટી તંત્ર અને સાધુ સંતો દ્વારા દીપ પ્રજ્વલિત કરી ૫૧ શક્તિપીઠ મહોત્સવને ખૂલ્લો મુકાયો, પ્રથમ દિવસે મૂર્તિઓની પ્રશાલન વિધિ, શોભાયાત્રા, ચામર યાત્રા, શક્તિપીઠમાં યજ્ઞ યોજાયો

શક્તિપીઠ મહોત્સવમાં જોડાયા હતા. 51 શક્તિપીઠ મહોત્સવ 2023માં આવેલા મોટી સંખ્યામાં લોકો દ્વારા 51માં જોડાઈને નાચતા ગાતા દરેક શક્તિપીઠના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

51 શક્તિપીઠ મહોત્સવ 2023ના પ્રથમ દિવસે મૂર્તિઓની પ્રશાલન વિધિ, શોભાયાત્રા, ચામર યાત્રા, શક્તિપીઠમાં યજ્ઞ સાથે સાંજે ભજન મંડળી, સાંસ્કૃતિક પ્રોગ્રામ સહિતના કાર્યક્રમો યોજાશે. જેને લઈને તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પરિપૂર્ણ કરી દેવાઈ છે. તો મોટી સંખ્યામાં આવેલા તમામ લોકો આ 51 શક્તિપીઠમાં દરેક શક્તિપીઠના દર્શન કરી તમામ શક્તિપીઠના લાભ લેશે. સાથે સાથે તમામ કાર્યક્રમમાં પણ ભાગ લેશે.

51 શક્તિપીઠ 2023ના પ્રથમ દિવસે આજે વહેલી સવારે અંબાજીના ગબ્બર તળેટી ખાતે મોટી સંખ્યામાં વિવિધ શાળાઓના બાળકો કળશ અને હાથમાં માતાજીની ધજા લઈને પહોંચ્યા હતા. સાથે સાથે આદિવાસી જનજાતિના લોકો દ્વારા ઢોલ-નગારા અને પરંપરાગત નૃત્ય પ્રસ્તુત કરી કાર્યક્રમની શરૂઆત કરાઈ હતી. મોટી સંખ્યામાં ઉત્તર ગુજરાત અને ગુજરાતભર માંથી આવેલા લોકો 51 શક્તિપીઠ પરિક્રમામાં જોડાયા હતા. મા જગતજનની અંબાના ધામમાં આવેલા 51 શક્તિપીઠ પરિક્રમામાં જોડાઈ તમામ શક્તિપીઠોના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

ગુજરાતભરમાંથી આવતા તમામ લોકોની સુવિધાને લઈને ગુજરાત સરકાર દ્વારા એસટી બસના ભાડામાં 50% છૂટ આપવામાં આવી છે. આ છુટમાં 25% શ્રી આરાસુરી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને 25% ગુજરાત સરકાર દ્વારા છૂટ આપવામાં આવી છે. જેને લઈને ગુજરાતમાંથી મોટી સંખ્યામાં લોકો અંબાજી ગબ્બર તળેટી ખાતે યોજનાર 51 શક્તિપીઠ મહોત્સવમાં ભાગ લેશે. દરેક શક્તિપીઠના દર્શન કરી મા જગતજનનીનો આશીર્વાદ મેળવશે.

પશ્ચિમ કરછ ઝોન સમાજ અને યુવાસંઘ કરછ રીજીયન -શતાબ્દી મહોત્સવ નાં આયોજન અંગે

કચ્છ ઝોન અને રીજીયન હોદ્દેદારોની સંયુક્ત મિટિંગ ઝોનના ઉપપ્રમુખ કિશોરભાઈ કાંતિલાલ નાયાણી ના અધ્યક્ષ સ્થાને નખત્રાણા પાટીદાર વિદ્યાર્થી ભવન ખાતે મળેલ. આજની મિટિંગ માં આગામી સનાતની શતાબ્દી મહોત્સવ અંગે જેમકે "અતિથી દેવો ભવ:", ઉતારા વ્યવસ્થા, સ્વયં સેવક વ્યવસ્થા અને ખાસ રદ્દી થી સમૃદ્ધિ અંગે ખૂબ વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ.

આજની મિટિંગ માં સ્વાગત પ્રવચન ઝોનના ઉપપ્રમુખ ધીરજભાઈ લધારામભાઈ ભગત દ્વારા કરવામાં આવેલ.

ગત મિટિંગની મિનીટસનું વાંચન તેમજ આવેલ પત્રનું વાંચન ઝોનના પ્રવક્તા શાંતિલાલ પ્રેમજીભાઈ નાકરાણી દ્વારા કરવામાં આવેલ.

આગામી સનાતની શતાબ્દી મહોત્સવને ભવ્યતિભવ્ય બનાવવા અંગે ની સંપૂર્ણ માહિતી ઝોનના મહામંત્રી છગનભાઇ ખેતાભાઈ ધનાણી દ્વારા આપવામાં આવેલ.

યુવાસંઘ કરછ રીજીયનના ચેરમેન શાંતિલાલ ગોપાલભાઈ નાયાણી તેમજ ઝોનના મહામંત્રી અને કરછ રીજીયન ના IPP છગનભાઇ ખેતાભાઈ ધનાણી સનાતની શતાબ્દી મહોત્સવને ભવ્યાતિભવ્ય બનાવવા માટે આહ્વાન કરેલ.

સનાતની શતાબ્દી મહોત્સવને ભવ્યાતિભવ્ય બનાવવા માટે આગામી સમયમાં પશ્ચિમ કરછ ઝોન સમાજ, મહિલાસંઘ, યુવાસંઘ કરછ રીજીયન દ્વારા સંપર્ક યાત્રાનું આયોજન કરવામાં આવશે.

આજની મિટિંગની આભાર વિધિ નારાયણ ડિવીઝન ચેરમેન નવિનભાઇ રવજીભાઈ પોકાર દ્વારા કરવામાં આવેલ.

આજની મિટિંગ ઝોનના/ યુવાસંઘ ના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

શાંતિલાલ નાકરાણી
(પ્રવક્તા,ઝોન સમાજ)
મો:-9428470772

ચેન્નઈ માં માતૃપિતૃ ચરણ પૂજનનું આયોજન

ABKKPS મહિલાસંઘ તેમજ યુવાસંઘ સાથે સામજિક અને આધ્યાત્મિક અને શૌર્ય સસંકરણ અને વ્યક્તિત્વ નિર્માણ સમિતિ દ્વારા ભારતભર ના તમામ યુવામંડળમાં માતૃપિતૃ ચરણ વંદના કાર્યક્રમ 12 થી 14 ફેબ્રુઆરી સુધી ઉજવવા જ્ઞાતિના સર્વે સમાજ તેમજ પરિવાર માં ઉજવવા આહ્વાન કરવામાં આવ્યું છે.

આ આયોજન અંતર્ગત ચેન્નઈ ખાતે શું-સંગી પરિવાર દ્વારા એક ખુબજ સુંદર કાર્યક્રમની ઉજવણી થઇ હતી.

વડીલો દ્વારા દીપ પ્રગટ્ય કરી કાર્યક્રમની શુભ શરૂઆત કરેલ હતી, ચંદ્રિકાબેન કાલરીયા દ્વારા સૌનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું અને આશાબેન સંજય ચોપરાએ કાર્યક્રમનો ઉદ્દેશ્ય પ્રસ્તાવના રૂપે રજૂ કર્યો હતો. ત્યારબાદ પરમ પૂજ્યશ્રી આશિષભાઈ વ્યાસ દ્વારા વિડિયો ક્લિપના માધ્યમથી માતૃપિતૃ ચરણ વંદના નું જીવન માં મહત્વ વિષે આધ્યાત્મિક પ્રવચનનું રસપાન કરાવવામાં આવ્યું હતું.

માતૃ-પિતૃ વંદનાએ ભારતની ઋષિ પરંપરા રહી છે. જો માતા-પિતાની સેવા કરશું તો બધાજ તીર્થનું ફળ પ્રાપ્ત થઈ શકે છે. તેમના ચરણથી મોટું કોઈ તીર્થ નથી. ભારતીય પરંપરામાં ચાર સુત્રો આપવામાં આવ્યા હતા.

માતૃદેવો ભવ,
પિતૃદેવો ભવ,
આચાર્ય દેવો ભવ
અતિથિ દેવો ભવ.

સમય સમયે આ સૂત્રોનું મહત્ત્વ ઘટતું રહ્યું છે. આ વાત સહુએ સ્વીકારવી પડશે. જે પોતાના મૂળ ભૂલી જાય છે ત્યારે સમાજની અંદર ઉલ્કાપાત સર્જાતા હોય છે. વર્તમાન સમયમાં યુવાધન દેશની ભવ્ય સંસ્કૃતિથી વિમુખ અને પશ્ચિમી સંસ્કૃતિના અંધાનુકરણથી પ્રભાવિત થઈ રહ્યું છે. ત્યારે આપણી ભાવિ પેઢીને અત્યારથી જ ઉત્તમ સંસ્કારોનું સિંચન કરવા અને આપણી સંસ્કૃતિ અને અમૂલ્ય વારસાના રક્ષણ અર્થે તા.12 ફેબ્રુઆરીના રોજ માતા-પિતા પૂજન દિવસ ની ઉજવણી કરેલ હતી

આ કાર્યક્રમ માં કુલ 38 માતા-પિતાનું ચરણ પૂજન અર્ચન કરી તેમના સંતાનોએ આશીર્વાદ મેળવ્યા હતા. સંગીતમય આરતીનાં તાલે તિલક, આરતી, પ્રદિક્ષણા અને માતા પિતાને ભેંટ સોગાદ અર્પણ કરેલ હતી. આ કાર્યક્રમ માં કુલ 125 જેટલા જ્ઞાતિજનો જોડાયા હતા. કાર્યક્રમ બાદ વડીલો દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અમૃત પ્રેમજી ભાવાણી પરિવારનાં આંગણે ઉજવાયો હતો. ત્યારબાદ, ઉપસ્થિત સૌએ મહાપ્રસાદ ગ્રહણ કરેલ અને અંતે રાસગરબાની રમઝટ સાથે કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

સંયોજક અને
કાઉન્સિલ પ્રવક્તા,
પરેશ રામાણી -
ચેન્નાઇ

જુદા જુદા ૨૨ વિભાગોના ૪૫ ડોકટરો ધ્વારા સારવાર અપાઈ

રાવપરમાં નરનારાયણ દેવ નિ:શુક્લ મેગા મેડિકલ કેમ્પનો ૨૧૦૦ દર્દીઓએ લાભ લીધો

રવાપર ખાતે પશ્ચિમ કરછ ઝોન સમાજના હોદ્દેદારોએ હાજરી આપી..

સ્થળ:-

શ્રી અ.ભા.ક.ક.પા. સત્સંગ સમાજ. રવાપર,કરછ.

ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા નરનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે નખત્રાણાના રવાપરમાં કડવા પાટીદાર સત્સંગ ભવન ખાતે નરનારાયણદેવ મેગા મેડિકલ કેમ્પ યોજાયો હતો, જેમાં નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાના 2100થી વધુ દર્દીઓનું ચેકઅપ કરાયું હતું. જેમાંથી ઓપરેશન કે અન્ય વધુ સારવારની જરૂર હોય એવા દર્દીઓને ભુજ અને અમદાવાદમાં સારવાર અપાશે.

એક દિવસીય મેગા મેડિકલ કેમ્પમાં 36 જેટલા એમ.ડી. અને 10 મેડિકલ ઓફિસરો સાથે મળી 46 જેટલા ડોકટરોની ટીમ સાથે યુરોલોજિસ્ટ, કિડની જેવા વિવિધ 22 જેટલા વિભાગોમાં તપાસ સાથે દર્દીઓની સારવાર કરાઈ હતી. ફિઝિશિયન, કાર્ડિલોજિસ્ટ, ન્યૂરો ફિઝિશિયન, ગેસ્ટ્રોએન્ટ્રોલૉજીસ્ટ, એન્ડ્રો કાઈનોલિસ્ટ, રેડીયોલોસ્ટિટ, કેન્સર, રિમોટોલોજીસ્ટ, ઓર્થોપેડિક, ગાયનેક, સ્કિન, ડેન્ટિન્સ, ફિજીયોથેરાપીના કચ્છ, અમદાવાદના ડોકટરોએ સેવા આપી હતી.

આયોજન માં દીપ પ્રાગટ્ય ભુજ સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી ધર્મનદનદાસજ